પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૩૬ | ૬ નવેમ્બર, ૨૦૧૭, સોમવાર ; કારતક વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### માત્ર ૨૫ ટકા ડ્રાઇવરો જ સીટ બેલ્ટ પહેરે છે

દેશની અગ્રણી ઓટોમોબાઈલ્સ કંપની મારુતિ સુઝુકિના સર્વેમાં જાણવા મળ્યું છે કે, કારમાં બેસનાર ચાર પૈકીના સરેરાશ એક દ્વારા જ સીટ બેલ્ટનો ઉપયોગ કરવામાં આવે છે. આ સુરક્ષા ટેકનોલોજીનો ઉપયોગને લઈને જે આંકડા સપાટી ઉપર આવ્યા છે તે ખુબ જ નિરાશાજનક રહ્યા છે.

### પ્રસિદ્ધિથી મુક્તિ તેમજ શાંતિ ઇચ્છુ છું : બચ્ચન

બોલીવુડના મહાનાયક અમિતાભ બચ્ચનનું કહેવું છે કે, ૭૫ વર્ષની વયમાં તેઓ પ્રસિદ્ધિથી મુક્તિ અને શાંતિ ઈચ્છે છે. અમિતાભ બચ્ચને આજે પોતાના બ્લોગ ઉપર એક પોસ્ટમાં લખ્યું છે કે, આ વયમાં પહોંચ્યા બાદ તેઓ હવે પ્રસિદ્ધિથી મુક્તિ અને શાંતિ ઈચ્છે છે.

### ઉત્તર પ્રદેશમાં જર્મન પ્રવાસી સાથે ખરાબ વર્તન

ઉત્તર પ્રદેશના સોનભદ્રમાં જર્મન ટ્યુરિસ્ટ સાથે ખરાબ વર્તનથી ભારે ખળભળાટ મચી ગયો છે. ઉત્તર પ્રદેશના સોનભદ્ર રેલવે સ્ટેશન ઉપર જર્મન પ્રવાસી સાથે ખરાબ વર્તન કરાયું છે. પ્રવાસીએ હવે પોલીસમાં ફરિયાદ દાખલ કરાવી છે અને કહ્યું છે કે, તેની સાથે રેલવે સ્ટેશન ઉપર મારામારી કરવામાં આવી હતી.

# ઉરીમાં સેનાએ ઘૂસણખોરી નિષ્ફળ બનાવી



બારામૂલા,તા.૫ જમ્મુ કાશ્મીરના બારામૂલા જિલ્લાના ઉડી સેક્ટરમાં સેના અને સુરક્ષાબળોના જવાનો એ બે આંતકીઓનો ઠાર કરી દીધો. સુરક્ષાબળોએ જમ્મુ કાશ્મીરમાં આતંકી ઘૂસણખોરીની એક મોટા પ્રયત્નને આ રીતે નિષ્ફળ કરી દીધો.

મળતી માહિતી અનુસાર

## બે આતંકીને ઠાર કરાયા

ઘૂસણખોરીનો પ્રયત્ન કરી રહેલા આતંકીઓએ પહેલા સેના અને સુરક્ષાબળોના જવાનો પર ફાયરિંગ કર્યું, ત્યારબાદ સુરક્ષાબળોએ કરારી કાર્યવાહીમાં બે આંતકીઓનો ઠાર કરી દીધો. માર્યા ગયેલા આતંકીઓ માટે વધારે જાણકારી મળી નથી. ઘટનાસ્થ પર હાલમાં સેના અને સુરક્ષાબળોનું ઓપરેશન ચાલુ છે.

જણાવી દઈએ કે શુક્રવારે ઉત્તર કાશ્મીરના કુપવાડામાં માછિલ સેક્ટરમાં ઘૂસણખોરીની કોશિશ કરી રહેલા એક આતંકીને અથડામણમાં ઠાર કર્યો હતો. માર્યા ગયેલા આતંકી પાસેથી એક હથિયાર પણ જપ્ત થયું હતું. સેનાના ઓફિસર બીએસ રાજુએ ૩ નવેમ્બરના રોજ જાણકારી આપી હતી કે આ ૧૧૫ આતંકીઓમાંથી ૯૯ લોકલ આતંકીઓ છે અને ૧૫ વિદેશી છે. તેમણે એમ પણ જણાવ્યું કે સેનાએ છેલ્લા ૬ મહિનામાં લગભગ ૮૦ આતંકીઓને મોતને ઘાટ ઉતારાયા છે. અત્રે જણાવવાનું કે ભારતીય સેનાએ થોડા સમય પહેલા જ ઘાટીમાં આતંકીઓનો સફાયો કરવા માટે ઓપરેશન ઓલઆઉટ લોન્ચ કરવામાં આવ્યું હતું.

# પાટીદાર અનામત મુદ્દે સોનીયા ગાંધી રિપોર્ટની જાહેરાત કરશે

**કપિલ સિબ્બલે સીલબંધ કવરમાં રિપોર્ટ આપ્યો : સિધ્ધાર્થ પટેલ-ગુજરાત પ્રદેશ કોંગ્રેસ ઉપપ્રમુખ બીએમ મંગુકીયાએ દિલ્હીમાં કપિલ સિબ્બલનો મળી ચર્ચા કરી**

નવી દિલ્હી, તા.૫

ગુજરાત કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ અને પાસના નેતાઓ સાથે તાજેતરમાં યોજાયેલી મહત્વની બેઠકમાં કોંગ્રેસે પાસના નેતાઓની પાંચ માંગણીઓ પૈકી ચાર માંગણીનો સ્વીકાર કરી લીધો હતો અને અનામતનો મુદ્દો ટેકનીકલ અને બંધારણીય મુદ્દો હોઈ નિષ્ણાત તજજ્ઞોની સલાહ લેવાનું નક્કી થયું હતું ત્યાં સુધી હાર્દિક પટેલ અને કોંગ્રેસ વચ્ચેની મુલાકાતનું સસ્પેન્સ યથાવત્ રહ્યું હતું. બીજીબાજુ, કોંગ્રેસના સિનિયર નેતા સિધ્ધાર્થ પટેલ અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસના ઉપપ્રમુખ અને જાણીતા એડવોકેટ બી.એમ.મંગુકીયા આજે દિલ્હી પહોંચ્યા હતા અને કોંગ્રેસના રાષ્ટ્રીય



દિગ્ગજ નેતા અને જાણીતા ધારાશાસ્ત્રી કપિલ સિબ્બલને મળ્યા હતા. કપિલ સિબ્બલ સહિતના કાયદાવિદોએ અનામતના મુદ્દે જરૂરી સંશોધન કરી યોગ્ય રસ્તો કાઢી નાંખ્યો છે અને તે સીલબંધ કવરમાં કોંગ્રેસ અધ્યક્ષા શ્રીમતી સોનિયા ગાંધીને સુપ્રત કરી દીધો હતો. હવે કોંગ્રેસ હાઈકમાન્ડ દ્વારા એકાદ-બે દિવસમાં આ મામલે નિર્ણય જાહેર કરાય તેવી શકયતા છે. બીજીબાજુ, કોંગ્રેસના કાયદાવિદ્ તરફથી અનામતના મામલે સંશોધન કરી વૈકલ્પિક રસ્તો કાઢી દેવાતાં હવે પાટીદાર નેતા હાર્દિક પટેલની કોંગ્રેસ સાથે તા.૮મી નવેમ્બર પહેલા મુલાકાત થાય તેવી પણ શકયતાઓ સેવાઈ રહી છે. અનામતના મુદ્દે કોંગ્રેસ દ્વારા પાસના નેતાઓ સાથેની બેઠક બાદ તરત જ દિલ્હીમાં તેમના કાયદાકીય નિષ્ણાત અને બંધારણવિદ્ મહાનુભાવોને જરૂરી સંશોધન કરી રસ્તો કાઢવા સૂચના આપવામાં આવી હતી. જેને પગલે છેલ્લા કેટલાક દિવસોથી અનામતના વિષય પર મહત્વની કાયદાકીય અને બંધારણીય કવાયત હાથ ધરાઈ હતી, જેમાં સુપ્રીમકોર્ટના ચુકાદાઓથી માંડી બંધારણીય જોગવાઈઓ સહિતના તમામ પાસાઓનો અભ્યાસ કરી રસ્તો કાઢવામાં આવ્યો છે.

# 'દામ ઘટાઓ, કામ દો, વરના સિંહાસન ખાલી કરો' : રાહુલ

નવીદિલ્હી, તા. ૫

ચૂંટણી માહોલમાં કોંગ્રેસ પાર્ટી અને ખાસ કરીને રાહુલ ગાંધી તરફથી ભાજપ સરકાર ઉપર એક પછી એક તીખા હુમલા કરવામાં આવી રહ્યા છે. કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધીએ આજે વધતીજતી કિંમતો અને બેરોજગારીના મુદ્દા ઉપર મોદી સરકાર ઉપર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર જો કિંમતો અને બેરોજગારીને કાબૂ કરવામાં સફળ રહેતી નથી તો પોતાની સીટ છોડી દેવી જોઈએ. રાહુલે કહ્યું હતું કે, એલપીજીની કિંમતોમાં વધારો થયો છે. એક લેખની સાથે રાહુલે ટ્વિટ કરતા કહ્યું છે કે, ગેસની કિંમતોમાં વધારો થયો છે. ચીજવસ્તુઓની કિંમતો સતત વધી રહી છે. માત્ર ભાષણો આપવામાં આવી રહ્યા છે. કામ થઈ રહ્યા નથી.

અત્રે નોંધનીય છે કે, રાંધણ ગેસની કિંમતમાં બુધવારના દિવસે પ્રતિ સિલિન્ડર ૪.૫૦ રૂપિયાનો વધારો થયો હતો. જુલાઈ ૨૦૧૬માં સરકારે આના પર સબસિડી ખતમ કરવા માટે દર મહિને કિંમતો વધારવાનો નિર્ણય કર્યો હતો. ત્યારબાદથી હજુ સુધી ૧૯ વખત રેટમાં વધારો કરવામાં આવી ચુક્યો છે. ગેસની કિંમતો વધારવાના મુદ્દે કોંગ્રેસ સહિત અનેક રાજકીય પક્ષો દ્વારા વિરોધ કરવામાં આવ્યો છે. કોંગ્રેસ પાર્ટીએ આક્ષેપ કર્યો છે કે, કેન્દ્રની સરકાર પ્રજાની સાથે વિશ્વાસઘાત કરી રહી છે. ગુજરાતના વલસાડમાં રાહુલ ગાંધીએ હાલમાં જ એક રેલીમાં આક્ષેપ કરતા કહ્યું હતું કે, મેક ઈન ઈન્ડિયાના મેઝિક તરીકે આ બાબત છે કે, ભારતમાં દરેક ૨૪ કલાકમાં માત્ર ૪૫૦ યુવાનોને રોજગારી મળી રહી છે જ્યારે ચીનમાં દરરોજ ૫૦૦૦૦ લોકોને નોકરીની તકો મળી રહી છે.

# નોટબંધીના કારણે કાશ્મીરમાં ફંડિંગ મામલે ખુલાસો થયો છે

**હવાલા કાંડનો પણ ખુલાસો થઇ ચુક્યો છે : આઠમી તારીખથી મહિનાભર આંદોલન કરવામાં આવશે તો પણ અમે ઇમાનદારીને લઇને અભિયાન જારી રાખીશું : મોદી**

ઉના, તા. ૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નોટબંધીના કારણે કાશ્મીરમાં ફેલાયેલા આતંકવાદ ઉપર બ્રેક મુકવામાં સફળતા મળી હોવાનો દાવો આજે કર્યો હતો. હવાલા કાંડને લઈને ઘણી બાબતોનો ખુલાસો થઈ ચુક્યો છે. કાશ્મીરમાં પાકિસ્તાનથી આવનાર ફંડ અંગેની સમગ્ર માહિતી મળી ચુકી છે પરંતુ આનાથી કોંગ્રેસને પરેશાની થઈ છે.

તેઓ બ્લેક ડે મનાવવાની તૈયારી કરી રહ્યા છે. મોદીએ કહ્યું હતું કે, કોંગ્રેસ પાર્ટી ૮મી તારીખથી દેશભરમાં આંદોલન કરવાની તૈયારીમાં છે પરંતુ અમે ઈમાનદારી માટેના આંદોલનને જારી રાખીશું. તેમણે એમ પણ કહ્યું હતું કે, ત્રણ લાખ કંપનીઓ ઉપર તાળા મુકી ચુક્યા છે. જે માત્ર કાગળ ઉપર હતી. આ ત્રણ લાખ કંપનીઓ બનાવટી હતી. એક કંપની એવી પણ મળી છે જેના ૨૧૦૦ બેંક ખાતાઓ હતા. વિકાસ કાર્યોનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું હતું કે, પ્રવાસને પ્રોત્સાહન

● અનુસંધાન પાન-૬ પર

